**પ્રશ્ન -૧ ભરૂચ જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો** 2

**પેટા પ્રશ્નો** ..................................................................................... 11

**પ્રશ્ન -૨ રાજ્યમાં કાર્યરત બ્લડ બેંક** ..................................................................... 19

**પેટા પ્રશ્નો** ..................................................................................... 26

**પ્રશ્ન -૩ દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલ** ........................................................ 32

**પેટા પ્રશ્નો** ..................................................................................... 39

**પ્રશ્ન -૪ પાલિતાણા ખાતે જીલ્લા કક્ષાની હોસ્પિટલ** ................................................... 45

પેટા પ્રશ્નો ..................................................................................... 50

**પ્રશ્ન -૭ જામનગર અને દેવભુમિ દ્વારકા જીલ્લામાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ** ..... 57

પેટા પ્રશ્નો ..................................................................................... 69

**પ્રશ્ન -૮ આણંદ જીલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના** ............................ 76

**પેટા પ્રશ્નો** ..................................................................................... 82

**પ્રશ્ન-૧૪ અરવલ્લી અને સાબરકાંઠામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના** 88

**પેટા પ્રશ્નો** ..................................................................................... 91

**પ્રશ્ન -૧૫ બોટાદ જીલ્લામાં સિવિલ અને સરકારી મેડીકલ કોલેજ બનાવવા** .. 94

**પેટા પ્રશ્નો** ..................................................................................... 102

**પ્રશ્ન-૧૭અમદાવાદની કેન્સર,કિડનીઅને યુ.એન.મહેતા હોસ્પિટલને ગ્રાન્ટ** .. 105

**પેટા પ્રશ્નો** ..................................................................................... 108

[મુખ્ય પેજ]

# તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૫૫૯

# અગ્રતાક્રમ –૧

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૧૩/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :–** **ભરૂચ જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા વાગરા**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## ભરૂચ જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

**15/4/559 :- શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા**(વાગરા) :

**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૯ સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. |
| (૨) | ઉક્ત સ્થિતીએ ઉક્ત સેન્ટરો પૈકી કેટલા કાર્યરત છે અને કેટલા કાર્યરત નથી , અને | (૨) ઉક્ત સ્થિતીએ ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૯ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. |
| (૩) | ઉક્ત સ્થિતીએ કાર્યરત નથી તેવા સેન્ટરો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------------

મુખ્ય પેજ

# પુરક નોંધ

- ભરૂચ જીલ્લામાં મુખ્ય મથક ખાતે બ્રાઉન ફીલ્ડ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ (કિરણ સી. પટેલ મેડીકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ) કાર્યરત છે. જ્યાં બધીજ સુપર સ્પેશ્યાલિટી સુવિધાઓ ઉપલબ્ધ છે. અને ૬૫૦ પથારીની વિનામુલ્યે સારવાર ઉપલબ્ધ છે.
- આ ઉપરાંત જંબુસર ખાતે નવા મકાનનું જુલાઇ–૨૦૨૩ માં લોકાર્પણ કરવામાં આવેલ છે. જ્યા એસ.ડી.એચ. મુજબના મંજુર થયેલ મહેકમ મુજબ પેટા જીલ્લા હોસ્પિટલ કાર્યરત છે.
- જીલ્લામાં કુલ ૦૯ તાલુકા છે અને ૯ સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે.

| તાલુકા | સામુહિક આરોગ્ય કેન્દ્રો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો |
|---|---|---|
| આમોદ | ૧ | ૩ |
| અંકલેશ્વર | ૧ | ૫ |
| ભરુચ | ૧ | ૬ |
| હાંસોટ | ૧ | ૨ |
| જંબુસર | ૦ | ૫ |
| ઝઘડીયા | ૨ | ૮ |
| નેત્રંગ | ૧ | ૫ |
| વાગરા | ૧ | ૩ |
| વાલીયા | ૧ | ૪ |
| **કુલ-૯** | **૯** | **૪૧** |

(નોંધ :– જંબુસર સી.એચ.સી. પેટા જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ થયેલ છે.)

મુખ્ય પેજ

# ભરૂચ જીલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો–પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમની સ્થિતી

## સામુહિક આરોગ્ય કેન્દ્રો (કુલ–૯)

| ક્રમ | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૨૫ | ૧ | ૨૪ |
| ૨ | વર્ગ–૨ | ૨૮ | ૧૮ | ૧૦ |
| ૩ | વર્ગ–૩ | ૧૨૨ | ૯૭ | ૨૫ |
| ૪ | વર્ગ–૪ | ૮૫ | ૬૪ | ૨૧ |
| | **કુલ** | **૨૬૦** | **૧૮૦** | **૮૦** |

## સામુહિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ (કુલ–૯)

| સંવર્ગનુ નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| અધિક્ષક વર્ગ ૧ | ૯ | ૧ | ૮ |
| તજજ્ઞ વર્ગ ૧ | ૧૬ | ૦ | ૧૬ |
| તબીબી અધિકારી વર્ગ ૨ | ૨૮ | ૧૮ | ૧૦ |
| એક્સ રે ટેકનીશીયન વર્ગ ૩ | ૯ | ૨ | ૭ |
| લેબ ટેકનીશીયન વર્ગ ૩ | ૯ | ૭ | ૨ |
| જુનિયર ફાર્માસીસ્ટ વર્ગ ૩ | ૯ | ૫ | ૪ |
| સ્ટાફ નર્સ વર્ગ ૩ | ૬૩ | ૬૩ | ૦ |
| ફિઝિયોથેરાપીસ્ટ વર્ગ૩ | ૮ | ૬ | ૨ |
| સીની. આસી. વર્ગ ૩ | ૫ | ૧ | ૪ |
| સીનીયર કલાર્ક વર્ગ ૩ | ૭ | ૪ | ૩ |
| જુનિયર કલાર્ક વર્ગ ૩ | ૩ | ૨ | ૧ |

મુખ્ય પેજ

| | | | |
|---|---|---|---|
| ડ્રાઈવર વર્ગ ૩ | ૯ | ૭ | ૨ |
| પટાવાળા વર્ગ ૪ | ૯ | ૮ | ૧ |
| વોર્ડબોય વર્ગ ૪ | ૧૮ | ૧૪ | ૪ |
| આયા વર્ગ ૪ | ૯ | ૭ | ૨ |
| ડ્રેસર વર્ગ ૪ | ૯ | ૫ | ૪ |
| સ્વીપર વર્ગ ૪ | ૮ | ૮ | ૦ |
| પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ ૪ | ૧૬ | ૧૦ | ૬ |
| પાર્ટ ટાઇમ વોચમેન વર્ગ ૪ | ૧૬ | ૧૨ | ૪ |
| **કુલ** | **૨૬૦** | **૧૮૦** | **૮૦** |

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (કુલ–૪૧)

| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|
| વર્ગ–૨ | ૬૭ | ૫૮ | ૦૯ |
| વર્ગ–૩ | ૧૭૬ | ૧૭૧ | ૦૫ |
| વર્ગ–૪ | ૧૬૪ | ૧૬૪ | ૦૦ |
| **કુલ** | **૪૦૭** | **૩૯૩** | **૧૪** |

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (કુલ–૪૧)

| **સંવર્ગનુ નામ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|
| તબીબી અધિકારી વર્ગ–૨ | ૫૯ | ૫૧ | ૮ |
| આયુર્વૈદિક ડૉકટર | ૮ | ૭ | ૧ |
| જુનીયર ફાર્માસીસ્ટ | ૪૧ | ૩૮ | ૩ |
| લેબોરેટરી ટેકનીશીયન | ૪૧ | ૩૯ | ૨ |

મુખ્ય પેજ

| | | | |
|---|---|---|---|
| સ્ટાફનર્સ | ૫૩ | ૫૩ | ૦ |
| ડ્રાઈવર | ૪૧ | ૪૧ | ૦ |
| વોર્ડઆયા | ૪૧ | ૪૧ | ૦ |
| વોર્ડબોય | ૪૧ | ૪૧ | ૦ |
| પાર્ટટાઇમ સ્વીપર | ૮૨ | ૮૨ | ૦ |
| **કુલ** | **૪૦૭** | **૩૯૩** | **૧૪** |

**ભારત સરકારશ્રીના ધારાધોરણો :–**

| **અ.નં.** | **આરોગ્ય કેન્દ્રો** | **બિન આદિજાતિ વિસ્તાર** | **આદિજાતિ વિસ્તાર રણ વિસ્તાર** |
|---|---|---|---|
| ૧ | પેટા આરોગ્ય કેન્દ્ર | ૫,૦૦૦ | ૩,૦૦૦ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૩ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧,૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ |

**ભરૂચ જીલ્લાની પરિસ્થિતી :–**

| | **જરૂરીયાત** | **હયાત** | **વધ/ ઘટ** |
|---|---|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૦ | ૯ | ૦ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૪૦ | ૪૧ | **૧ વધ** |
| પેટા આરોગ્ય કેન્દ્ર | ૨૫૦ | ૨૪૧ | **૯ ઘટ** |

**(નોંધ :– જંબુસર સી.એચ.સી. પેટા જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ થયેલ છે.)**

મુખ્ય પેજ

- **રાજ્યની પરિસ્થિતી (૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી પ્રમાણે) :-**

| આરોગ્ય કેન્દ્રો | જરૂરીયાત | હયાત | વધ/ઘટ |
|---|---|---|---|
| પેટા કેન્દ્ર | ૯૦૬૩ | ૯૨૩૧ | **+ ૧૬૮ વધ** |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૪૨૬ | ૧૪૭૭ | **+૫૧ વધ** |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૩૬૫ | ૩૬૫ | - |

- **અગરીયા, આદિજાતિ, સરહદી વિસ્તાર, સાગરખેડુ**
- ૯૮ મોબાઇલ હેલ્થ યુનિટ અને ૩૦ અગરીયા વિસ્તારના મળી કુલ ૧૨૮ જેટલા મોબાઇલ કોમ્પ્રીહેન્સીવ હેલ્થ કેર યુનિટો કાર્યરત.

- **પેટા જીલ્લા હોસ્પિટલ જંબુસરની વિગત :-**
- સરકારશ્રીના તા.૨૩/૧૦/૧૯ના ઠરાવથી સામુહીક આરોગ્ય કેન્દ્ર જંબુસરને ૫૦ પથારીની સુવિધા સાથેની પેટા જીલ્લાની હોસ્પિટલમાં અપગ્રેડ કરી જરૂરી માનવબળ મંજુર કરવામાં આવેલ છે.

**પેટા જીલ્લાની હોસ્પિટલ, જંબુસર મહેકમની માહિતી**

| મહેકમ | | | |
|---|---|---|---|
| **વર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ-૧ | ૯ | ૫ | ૪ |
| વર્ગ-૨ | ૭ | ૬ | ૧ |
| વર્ગ-૩ | ૫૨ | ૪૪ | ૮ |
| વર્ગ-૪ | ૩૭ | ૩૭ | ૦ |
| **કુલ** | **૧૦૫** | **૯૨** | **૧૩** |

**(નોંધ:- એફ.આર.યુ. તરીકેની વધારાની ૫ તજજ્ઞોની જગ્યાઓનો ઉપરોક્ત આંકડામાં સમાવેશ થયેલ છે.)**

મુખ્ય પેજ

# પેટા જીલ્લાની હોસ્પિટલ, જંબુસર મહેકમની માહિતી

| વર્ગ–૧ | | | |
|---|---|---|---|
| **સંવર્ગનું નામ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| અધિક્ષક | ૧ | ૧ | ૦ |
| નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ |
| ફીઝીશીયન | ૧ | ૦ | ૧ |
| જનરલ સર્જન | ૧ | ૧ | ૦ |
| સ્ત્રી રોગ નિષ્ણાંત | ૧ | ૧ | ૦ |
| બાળ રોગ નિષ્ણાંત | ૧ | ૦ | ૧ |
| એનેસ્થેટીસ્ટ | ૧ | ૧ | ૦ |
| ઓર્થોપેડીક સર્જન | ૧ | ૦ | ૧ |
| મનોચિકિત્સક | ૧ | ૦ | ૧ |
| **વર્ગ–૧ કુલ** | **૯** | **૫** | **૪** |

| વર્ગ–૨ | | | |
|---|---|---|---|
| **સંવર્ગનું નામ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| દંતસર્જન | ૧ | ૧ | ૦ |
| તબીબી અધિકારી | ૫ | ૫ | ૦ |
| વહીવટી અધિકારી | ૧ | ૦ | ૧ |
| **વર્ગ–૨ કુલ** | **૭** | **૬** | **૧** |

મુખ્ય પેજ

| વર્ગ–૩ | | | |
|---|---|---|---|
| **સંવર્ગનું નામ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| કચેરી અધિક્ષક | ૧ | ૦ | ૧ |
| હેડ કલાર્ક | ૧ | ૧ | ૦ |
| સીનીયર કલાર્ક | ૧ | ૧ | ૦ |
| જુનિયર કલાર્ક/ટાઈપીસ્ટ | ૧ | ૧ | ૦ |
| કોમ્પુટર ઓપ્રેટર | ૨ | ૨ | ૦ |
| આસીસ્ટંટ નર્સીંગ સુપ્રિટેન્ડે | ૧ | ૦ | ૧ |
| હેડનર્સ | ૨ | ૨ | ૦ |
| સ્ટાફનર્સ | ૨૯ | ૨૫ | ૪ |
| સીનીયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ |
| જુનીયર ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૦ |
| લેબોરેટરી ટેકનીશીયન | ૨ | ૨ | ૦ |
| લેબોરેટરી આસીટન્ટ | ૧ | ૧ | ૦ |
| એકસ–રે ટેકનીશીયન | ૧ | ૧ | ૦ |
| એકસ–રે આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ |
| ફીજીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ |
| ઓપ્થલ્મીક આસીસ્ટટ | ૧ | ૦ | ૧ |
| ઈલેકટ્રીશ્યન | ૧ | ૧ | ૦ |
| આંકડા મદદનીશ | ૧ | ૧ | ૦ |
| ડ્રાઈવર | ૧ | ૧ | ૦ |
| પ્લમ્બર | ૧ | ૧ | ૦ |
| **વર્ગ–૩ કુલ** | **૫૨** | **૪૪** | **૮** |
| **વર્ગ–૩ કુલ** | **૩૭** | **૩૭** | **૦** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ :** ૧

**પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૫૫૯

**તા. ૧૩/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા , વાગરા**

**પ્રશ્ન:-** ભરૂચ જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | છેલ્લી વસ્તી ગણતરીની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર, મંજુર અને વધ ઘટની વિગત શું છે ? | શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા , વાગરા |
| ૨ | પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમનું માળખું જણાવશો? | શ્રી રીતેષભાઇ વસાવા, ઝઘડીયા |
| ૩ | ભરૂચ જીલ્લામાં કેટલા આયુષ્યમાન આરોગ્ય મંદિર છે ? તેમા કયા-કયા પ્રકારની સેવાઓ આપવામાં આવે છે? | શ્રી રમેશભાઇ મિસ્ત્રી, ભરૂચ |

મુખ્ય પેજ

**અગ્રતા ક્રમાંક–૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૫૫૯**

**આરોગ્ય વિભાગ**

**તા. ૧૩/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન – ૧ :- (શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા , વાગરા)

- **છેલ્લી વસ્તી ગણતરીની ગ્રામ્ય વસ્તીના ધોરણો મુજબ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર, મંજુર અને વધ ઘટની વિગત શું છે ?**

**જવાબ–**

- **સમગ્ર જીલ્લાની પરિસ્થિતી જોઇએ તો :–**

| | જરૂરીયાત | હયાત | વધ/ ઘટ |
|---|---|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૦ | ૯ | ૦ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૪૦ | ૪૧ | ૧ વધ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | ૨૫૦ | ૨૪૧ | **૯ ઘટ** |

**નોંધ :– જંબુસર સી.એચ.સી.ને અપગ્રેડ કરીને ૭૫ પથારીની પેટા જીલ્લા હોસ્પિટલ તરીકે તા. ૩૧/૦૭/૨૦૨૩થી નવા મકાનમાં કાર્યરત છે. એસ.ડી.એચ. તરીકેનું નવુ મહેકમ પણ મંજુર થયેલ છે.**

(આગળના પાને...)

મુખ્ય પેજ

## ➤ સામુહિક આરોગ્ય કેન્દ્ર (તાલુકા દીઠ)

| તાલુકા | વસ્તી (૨૦૧૧) | જરૂરીયાત | હયાત | વધ/ ઘટ |
|---|---|---|---|---|
| આમોદ | ૭૮,૫૮૨ | ૧ | ૧ | ૦ |
| અંકલેશ્વર | ૧,૨૩,૨૦૪ | ૧ | ૧ | ૦ |
| ભરુચ | ૧,૮૫,૦૫૬ | ૨ | ૧ | -૧ |
| હાંસોટ | ૫૫,૮૩૨ | ૦ | ૧ | ૧ |
| જંબુસર | ૧,૫૩,૬૯૪ | ૧ | ૦ | ૦ |
| ઝઘડીયા | ૧,૫૧,૧૨૭ | ૨ | ૨ | ૦ |
| નેત્રંગ | ૯૨,૦૬૩ | ૧ | ૧ | ૦ |
| વાગરા | ૧,૦૦,૦૪૪ | ૧ | ૧ | ૦ |
| વાલીયા | ૮૬,૪૫૮ | ૧ | ૧ | ૦ |
| **કુલ** | **૧૦,૨૬,૦૬૦** | **૧૦** | **૯** | **૦** |

## ➤ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (તાલુકા દીઠ)

| તાલુકા | વસ્તી (૨૦૧૧) | જરૂરીયાત | હયાત | વધ/ ઘટ |
|---|---|---|---|---|
| આમોદ | ૭૮,૫૮૨ | ૩ | ૩ | ૦ |
| અંકલેશ્વર | ૧,૨૩,૨૦૪ | ૪ | ૫ | ૧ |
| ભરુચ | ૧,૮૫,૦૫૬ | ૬ | ૬ | ૦ |
| હાંસોટ | ૫૫,૮૩૨ | ૨ | ૨ | ૦ |
| જંબુસર | ૧,૫૩,૬૯૪ | ૫ | ૫ | ૦ |
| ઝઘડીયા | ૧,૫૧,૧૨૭ | ૮ | ૮ | ૦ |
| નેત્રંગ | ૯૨,૦૬૩ | ૫ | ૫ | ૦ |
| વાગરા | ૧,૦૦,૦૪૪ | ૩ | ૩ | ૦ |
| વાલીયા | ૮૬,૪૫૮ | ૪ | ૪ | ૦ |
| **કુલ** | **૧૦,૨૬,૦૬૦** | **૪૦** | **૪૧** | **૧ વધ** |

મુખ્ય પેજ

## ➢ પેટા આરોગ્ય કેન્દ્ર (તાલુકા દીઠ)

| તાલુકા | વસ્તી(૨૦૧૧) | જરૂરીયાત | હયાત | વધ/ઘટ |
|---|---|---|---|---|
| આમોદ | ૭૮,૫૮૨ | ૧૬ | ૧૭ | ૧ વધ |
| અંકલેશ્વર | ૧,૨૩,૨૦૪ | ૨૫ | ૨૫ | ૦ |
| ભરુચ | ૧,૮૫,૦૫૬ | ૩૭ | ૩૪ | ૩ ઘટ |
| હાંસોટ | ૫૫,૮૩૨ | ૧૧ | ૧૧ | ૦ |
| જંબુસર | ૧,૫૩,૬૯૪ | ૩૧ | ૨૭ | ૪ ઘટ |
| ઝઘડીયા | ૧,૫૧,૧૨૭ | ૫૦ | ૫૧ | ૧ વધ |
| નેત્રંગ | ૯૨,૦૬૩ | ૩૧ | ૨૯ | ૨ ઘટ |
| વાગરા | ૧,૦૦,૦૪૪ | ૨૦ | ૧૭ | ૩ ઘટ |
| વાલીયા | ૮૬,૪૫૮ | ૨૯ | ૩૦ | ૧ વધ |
| **કુલ** | **૧૦,૨૬,૦૬૦** | **૨૫૦** | **૨૪૧** | **૯ ઘટ** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી રીતેષભાઇ વસાવા, ઝઘડીયા)

➢ **પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમનું માળખું જણાવશો ?**

**જવાબ :–**

➢ **પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે મહેકમનું માળખું:–**

(૧) ફીમેલ હેલ્થ વર્કર (ગુજરાત સરકાર)
(૨) મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (ગુજરાત સરકાર)
(૩) કોમ્યુનીટી હેલ્થ ઓફિસર (CHO–NHM હેઠળ મંજુર)

➢ **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહેકમનું માળખું (મહેકમ ૭+૨):–**

| સંવર્ગ | જગ્યા |
|---|---|
| તબીબી અધિકારી વર્ગ ૨ | ૧ |
| લેબોરેટરી ટેકનીશીયન વર્ગ ૩ | ૧ |
| ફાર્માસીસ્ટ વર્ગ ૩ | ૧ |
| સીનીયર કલાર્ક વર્ગ ૩ | ૧ |
| ડ્રાઇવર વર્ગ ૩ | ૧ |
| વોર્ડ બોય વર્ગ ૪ | ૧ |
| વોર્ડ આયા વર્ગ ૪ | ૧ |
| **કુલ** | **૭** |
| પાર્ટ સ્વીપર વર્ગ ૪ | ૨ |

**(નોંધ :– જીલ્લાના ૯ સી.એચ.સી. પૈકી આમોદ સી.એચ.સી. FRU (ફર્સ્ટ રેફરલ યુનિટ) તરીકે કાર્યરત છે. જેમાં વધારાના ૫ તજજ્ઞોની જગ્યા મંજુર થયેલ છે. સ્ત્રીરોગ, બાળરોગ, ફીઝીશીયન, જન. સર્જન અને ઓર્થો. સર્જન)**

મુખ્ય પેજ

➢ **સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહેકમનું માળખું (મહેકમ ૨૩+૪) :-**

| **સંવર્ગ** | **જગ્યા** |
|---|---|
| અધિક્ષક વર્ગ ૧ | ૧ |
| તબીબી અધિકારી વર્ગ ૨ | ૩ |
| એક્સ રે ટેકનીશીયન વર્ગ ૩ | ૧ |
| લેબૉરેટરી ટેકનીશીયન વર્ગ ૩ | ૧ |
| જુનિયર ફાર્માસીસ્ટ વર્ગ ૩ | ૧ |
| સ્ટાફ નર્સ વર્ગ ૩ | ૭ |
| સીનીયર આસીસ્ટન્ટ વર્ગ ૩ | ૧ |
| સીનીયર કલાર્ક વર્ગ ૩ | ૧ |
| ડ્રાઇવર વર્ગ ૩ | ૧ |
| પટાવાળા વર્ગ ૪ | ૧ |
| વોર્ડ બોય વર્ગ ૪ | ૨ |
| આયા વર્ગ ૪ | ૧ |
| ડ્રેસર વર્ગ ૪ | ૧ |
| સ્વીપર વર્ગ ૪ | ૧ |
| **કુલ** | **૨૩** |
| પાર્ટ સ્વીપર વર્ગ ૪ | ૨ |
| પાર્ટ વોચમેન વર્ગ ૪ | ૨ |
| **કુલ** | **૨૭** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન-૩ :- (શ્રી રમેશભાઇ મિસ્ત્રી, ભરૂચ)

➢ **ભરૂચ જીલ્લામાં કેટલા આયુષ્યમાન આરોગ્ય મંદિર છે ? તેમા કયા-કયા પ્રકારની સેવાઓ આપવામાં આવે છે?**

**જવાબ-:-**

➢ ભરૂચ જિલ્લામા **કુલ ૨૮૭** આયુષમાન આરોગ્ય મંદિર તરીકે કાર્યરત કરેલ છે. જેમાં **૨૨૪** ગ્રામ્ય પેટા અરોગ્ય કેન્દ્ર, **૪૧** ગ્રામ્ય પ્રા.આ.કેન્દ્ર, **૧૫** શહેરી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને **૭** શહેરી પ્રા.આ.કે.નો સમાવેશ થયેલ છે.

➢ પેટા કેન્દ્ર કક્ષાના આયુષ્યમાન આરોગ્ય મંદિરમા એક સી.એચ.ઓ (કોમ્યુનીટી હેલ્થ ઓફિસર)ની કરાર આધારીત નિમણુંક કરવામાં આવે છે. સી.એચ.ઓ.ની શૈક્ષણિક લાયકાત આયુર્વેદીક તબીબ/બી.એસ.સી.નર્સિંગ/જી.એન.એમ + ૦૬ માસનો તાલીમ કોર્ષ નિયત થયેલ છે.

➢ **આયુષ્યમાન આરોગ્ય મંદિર પર ઉપલબ્ધ સેવાઓની વિગતો જોઈએ તો :-**

- ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
- નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય - સંભાળ સેવાઓ.
- બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય - સંભાળ સેવાઓ.
- કુટુંબ નિયોજન, ગર્ભ નિરોધકસેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
- નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન

**(આગળના પાને..)**

- સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
- બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
- સામાન્યતઃ જોવા મળતી આંખની બિમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
- મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
- વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
- ઇમર્જન્સી તબીબી સેવાઓ.
- માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

મુખ્ય પેજ

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૧૧૨

# અગ્રતાક્રમ –૨

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૧૩/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :– રાજ્યમાં કાર્યરત બ્લડ બેંક**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ, લુણાવાડા**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## રાજ્યમાં કાર્યરત બ્લડ બેંક

**15/4/1112 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્યના ૧૩ જિલ્લાઓમાં એક પણ સરકારી બ્લડ બેંક ન હતી, તે પૈકી કયા જિલ્લામાં તા.૧૩–૧૨–૨૦૨૩ની સ્થિતિએ સરકારી બ્લડ બેંક કાર્યરત કરવામાં આવી, અને | (૧) | ખેડા જીલ્લામાં બ્લડ બેંક કાર્યરત કરવામાં આવેલ છે. અમરેલી, આણંદ, બોટાદ, ગીર સોમનાથ, નર્મદા અને નવસારી જીલ્લાઓમાં બ્લડ બેંક શરૂ કરવા માટે એન.ઓ.સી.ની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. |
| (૨) | ભારત સરકારની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં ઓછામાં ઓછી એક બ્લડ બેંક હોવી જરૂરી છે તે મુજબ ઉક્ત બાકી જિલ્લાઓમાં ક્યાં સુધીમાં સરકારી બ્લડ બેંક શરૂ કરવામાં આવશે? | (૨) | અરવલ્લી, છોટાઉદેપુર, ડાંગ, મહિસાગર, તાપી અને દાહોદ જીલ્લાઓમાં બ્લડ બેંક શરૂ કરવા માટે સાધનોની ખરીદીની પ્રક્રિયા સંબંધીત કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જે પૂર્ણ થયેથી બ્લડ બેંક કાર્યાન્વિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરીને બ્લડ બેંક કાર્યાન્વિત કરવામાં આવશે. |

મુખ્ય પેજ

# **પુરક નોંધ**

- બ્લડ સેન્ટર- બ્લડ એકત્રિત કરવાની, સંગ્રહિત કરવાની, પ્રક્રિયા કરવું અને વિતરણ કરવું, બ્લડના ઘટકો બનાવવાનું, વિગેરે

### મહીસાગર જીલ્લામાં કાર્યરત બ્લડ બેંકની વિગત

| | **સરકારી** | **રેડ ક્રોસ** | **ટ્રસ્ટ** | **પ્રાઈવેટ** | **કુલ** |
|---|---|---|---|---|---|
| મહીસાગર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |

- મહીસાગર જીલ્લા ખાતે **સરકારી બ્લડ બેંક** કાર્યરત કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે. સ્ટાફ પણ ઉપલબ્ધ છે. પરંતુ **સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે.**

### રાજ્યમાં કાર્યરત બ્લડ બેંકની વિગત (તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ)

| સરકાર હસ્તકની | ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટીની | ટ્રસ્ટ સંચાલિત | ખાનગી | કુલ |
|---|---|---|---|---|
| **૩૧** | **૨૩** | **૧૨૨** | **૧૭** | **૧૯૩** |

### રાજ્યમાં વર્ષ ૨૦૨૩ માં જાન્યુઆરી થી ડિસેમ્બર સુધી થયેલ રક્તદાનની વિગત

| | | |
|---|---|---|
| સ્વૈચ્છિક રક્તદાન | ૮,૫૮,૯૪૦ યુનિટ | ૮૨.03 % |
| અવેજી (રીપ્લેસમેન્ટ) રક્તદાન | ૧૮૮૧૪૫ | ૧૭.૯૭ % |
| **કુલ :–** | **૧૦,૪૭,૦૮૫** | **૧૦૦ %** |

મુખ્ય પેજ

- WHO ની ગાઈડલાઈન પ્રમાણે કુલ વસ્તીના ૧ % બ્લડ એકત્રિત થાય તે પુરૂતુ કહેવાય, તે પ્રમાણે ગુજરાત રાજયમાં વસ્તી સામે ૧.૫ % બ્લડ એકત્રિત થાય છે.
- ગુજરાત રાજયમાં તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ **કુલ ૧૨** જિલ્લાઓ જેવા કે **અમરેલી, આણંદ, અરવલ્લી, બોટાદ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ગીર સોમનાથ, મહિસાગર, નર્મદા, નવસારી, તાપી** સરકારી બ્લડ સેન્ટર(બેંક) નથી.
- બ્લડ સેન્ટર(બેંક) શરૂ કરવા માટે NOC મેળવવા ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન (GSCBT) માં અરજી કરશે.
- કાઉન્સિલની કમિટી દ્વારા જરુરી ચકાસણી કરીને NOC આપવામાં આવે છે.
- સંસ્થા દ્વારા જરૂરી માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવે, જરૂરી સાધન સામ્રગીની ખરીદી કરવામાં આવે, જરૂરી સ્ટાફની ભરતી કરવામાં આવે ત્યારબાદ લાયસન્સ મેળવવા માટે FDCA (ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર)ને અરજી કરવાની થાય છે.
- ત્યાર બાદ FDCA (ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર), ગુજરાત અને CDSCO (સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન, ભારત સરકાર દ્વારા સંયુકત નિરીક્ષણ કરીને લાયસન્સ આપવામાં આવે છે.
- હાલ ૧૨ પૈકી ૧૧ જિલ્લામાં સરકારી બ્લડ બેંક બનાવવાની પ્રક્રિયા ચાલુમાં છે. દાહોદ જિલ્લા ખાતે બ્રાઉન ફિલ્ડ અંતર્ગત જનરલ હોસ્પિટલ દાહોદનુ સંચાલન ઝાયડસ હોસ્પિટલ અમદાવાદને સોંપેલ હોઈ હાલમાં દાહોદ હોસ્પિટલ (કોલેજ) ખાતે બ્લડ બેંક કાર્યરત છે.

મુખ્ય પેજ

# બાકીના બાર(૧૨) જિલ્લામાં સરકારી બ્લડ સેન્ટર(બેંક) નથી તેની તા:૩૧/૧૨/૨૦૨૩ ની ખરેખર સ્થિતિ.

| બ્લડ બેંક ન હોય તેવા જીલ્લા | બ્લડ બેંકના ઈન્ફ્રાસ્ટ્રક્ચર/ સાધન સામગ્રીની ખરીદી/ સ્ટાફની ભરતી/ બ્લડ સ્ટોરેજ યુનિટની વિગત | | | | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| | ઈન્ફ્રાસ્ટ્રક્ચર હા/ના | સાધન સામગ્રી હા/ના | સ્ટાફની ભરતી હા/ના | બ્લડ સ્ટોરેજ યુનિટ હા/ના | |
| **અમરેલી** | હા | હા | ના | ના | અનુભવી સ્ટાફની ભરતી થયે બ્લડ બેંક ચાલુ થઈ શકે તેમ છે. |
| **આણંદ** | હા | હા | હા | ના | સબ ડિસ્ટ્રીકટ પેટલાદ-બ્લડ બેંકના લાયસન્સ માટે અરજી કરેલ નથી, |
| **અરવલ્લી** | ના | ના | ના | - | જનરલ હોસ્પીટલ, બિલ્ડીંગ બનવાની કાર્યવાહી ચાલુ છે, સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. |
| **છોટાઉદેપુર** | ના | ના | ના | હા | સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. |
| **બોટાદ** | ના | હા | ના | હા | તા:૨૪/૮/૨૦૨૩ થી બ્લડ સ્ટોરેજ યુનિટ શરૂ કરેલ છે, મહેકમ મંજુરીની પ્રક્રિયા ચાલુ છે. |

મુખ્ય પેજ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **દાહોદ** | – | – | – | – | દાહોદ જિલ્લા ખાતે બ્રાઉન ફિલ્ડ અંતર્ગત જનરલ હોસ્પિટલ દાહોદનુ સંચાલન ઝાયડસ હોસ્પિટલ અમદાવાદને સોંપેલ હોઈ હાલમાં દાહોદ હોસ્પિટલ (કોલેજ) ખાતે બ્લડ બેંક કાર્યરત છે. |
| **ડાંગ** | હા | ના | હા | હા | સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. |
| **ગીર સોમનાથ** | હા | ૮ સાધનો બાકી છે | હા | નથી | પુરતા સાધનો આવ્યેથી લાયસન્સ માટેની અરજી કરવામાં આવશે. |
| **મહિસાગર** | હા | ના | હા | હા | સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. |
| **નર્મદા** | હા | ના | હા | હા | સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. |
| **નવસારી** | ના | ના | ના | – | એમ.જી. હોસ્પીટલ, નવસારીના કંમ્પાઉન્ડમાં IRCS બ્લડ બેંક ચાલુ છે. |
| **તાપી** | ના | ના | હા | હા | જનરલ હોસ્પિટલ, વ્યારા – બ્લડ બેંકનુ બાંધકામ ચાલુ છે,- સાધનોની ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. |

મુખ્ય પેજ

# સરકારી બ્લડ સેન્ટર(બેંક) શરૂ કરવાના સ્થળોની વિગત

| જિલ્લો | ક્યા સ્થળે બની શકે ? | રીમાર્ક્સ |
|---|---|---|
| **અમરેલી** | સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ સાવરકુંડલા | ૨૦૨૪ બ્લડ સેન્ટર(બેંક) તૈયાર થઈ જશે. |
| **આણંદ** | સબ ડિસ્ટ્રીક્ટ પેટલાદ- | ૨૦૨૪ બ્લડ સેન્ટર(બેંક) ચાલુ થઈ જશે. |
| **અરવલ્લી** | જનરલ હોસ્પીટલ, મૉડાસા | ----- |
| **છોટાઉદેપુર** | જનરલ હોસ્પીટલ, **છોટાઉદેપુર** | ----- |
| **બોટાદ** | સબ ડિસ્ટ્રીક્ટ બોટાદ | ----- . |
| **દાહોદ** | દાહોદ હોસ્પિટલ (કોલેજ) ખાતે બ્લડ બેંક કાર્યરત છે | ----- |
| **ડાંગ** | જનરલ હોસ્પિટલ, આહવા | ----- |
| **ગીર સોમનાથ** | જનરલ હોસ્પિટલ, વેરાવળ | ૨૦૨૪ બ્લડ સેન્ટર(બેંક) ચાલુ થઈ જશે. |
| **મહિસાગર** | જનરલ હોસ્પિટલ, લુણાવાડા | ----- |
| **નર્મદા** | જીએમઈઆરએસ, રાજપિપળા | ૨૦૨૪ બ્લડ સેન્ટર(બેંક) ચાલુ થઈ શકે તેમ છે. |
| **નવસારી** | જીએમઈઆરએસ, નવસારી | ૧ વર્ષ માં બ્લડ સેન્ટર(બેંક) ચાલુ થઈ શકે તેમ છે. |
| **તાપી** | જનરલ હોસ્પિટલ, વ્યારા | ----- |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

અગ્રતા ક્રમ : ૨

પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૧૧૨

તા. ૧૩/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ, લુણાવાડા**

**પ્રશ્ન:– રાજ્યમાં કાર્યરત બ્લડ બેંક**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્યમાં તા:૩૧/૧૨/૨૩ ની સ્થિતિ એ કેટલા બ્લડ સેન્ટર(બેંક) છે? ગુજરાત રાજ્યમાં તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કયાં જિલ્લામાં સરકારી બ્લડ સેન્ટર(બેંક) નથી ? કયા જીલ્લામાં કયા પ્રકારની કેટલી બ્લડ સેન્ટર(બેંક) છે ? | શ્રી સંજયસિંહ મહિડા, મહુધા |
| ૨ | ગુજરાત રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩ દરમિયાન બ્લડ સેન્ટર(બેંક) મારફતે કેટલુ બ્લડ એકત્રિત કરવામાં આવેલ હતુ ? સ્વૈચ્છિક રકતદાનની ટકાવારી કેટલી છે ? WHO ની ગાઈડલાઈન પ્રમાણે એકત્રિત કરેલ લોહી પુરતુ છે ? | શ્રી માનસિંહ ચૌહાણ, બાલાસિનોર |
| ૩ | બ્લડ સેન્ટર(બેંક) શરૂ કરવાની શું પ્રક્રિયા છે ? | શ્રી રાજેશકુમાર ઝાલા, કપડવંજ |

મુખ્ય પેજ

**અગ્રતા ક્રમાંક–૨**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૧૧૧૨**
**આરોગ્ય વિભાગ**
**તા. ૧૩/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન : ૧ (શ્રી સંજયસિંહ મહિડા, મહુધા)

- **ગુજરાત રાજયમાં તા:૩૧/૧૨/૨૩ ની સ્થિતિ એ કેટલા બ્લડ સેન્ટર(બેંક) છે? ગુજરાત રાજયમાં તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ક્યાં જિલ્લામાં સરકારી બ્લડ સેન્ટર(બેંક) નથી ? કયા જીલ્લામાં કયા પ્રકારની કેટલી બ્લડ સેન્ટર(બેંક) છે ?**

**જવાબ :–**

- ગુજરાત રાજયમાં તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિ એ **કુલ ૧૯૩** બ્લડ સેન્ટર(બેંક) કાર્યરત છે, તેમાં રાજય સરકાર હસ્તકની સરકારી ૩૧ બ્લડ સેન્ટર(બેંક) છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ૨૩ બ્લડ સેન્ટર(બેંક) છે, ટ્રસ્ટ સંચાલિત ૧૨૨ બ્લડ સેન્ટર(બેંક) છે, તથા પ્રાઈવેટ ૧૭ બ્લડ સેન્ટર(બેંક) છે.
- ગુજરાત રાજયમાં તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિ એ કુલ ૧૨ જિલ્લાઓ જેવા કે અમરેલી, આણંદ, અરવલ્લી, બોટાદ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ગીર સોમનાથ, મહિસાગર, નર્મદા, નવસારી, તાપી **સરકારી** બ્લડ સેન્ટર(બેંક) નથી.

મુખ્ય પેજ

## ➢ જીલ્લાવાર પ્રકારવાર ઉપલબ્ધ બ્લડ બેંકની વિગતો જોઈએ તો :–

| ક્રમ નં | જિલ્લા | સરકારી | રેડ ક્રોસ | ટ્રસ્ટ | પ્રાઈવેટ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭ | ૧ | ૨૦ | ૭ | ૩૫ |
| ૨ | અમરેલી | ૦ | ૧ | ૨ | ૦ | ૩ |
| ૩ | આણંદ | ૦ | ૩ | ૩ | ૧ | ૭ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૫ | બનાસકાંઠા | ૧ | ૦ | ૧૧ | ૧ | ૧૩ |
| ૬ | ભરૂચ | ૧ | ૧ | ૨ | ૦ | ૪ |
| ૭ | ભાવનગર | ૧ | ૧ | ૪ | ૦ | ૬ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૯ | છોટ ઉદેપુર | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૦ | દાહોદ | ૦ | ૧ | ૨ | ૨ | ૫ |
| ૧૧ | ડાંગ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | ગાંધીનગર | ૧ | ૧ | ૩ | ૧ | ૬ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૫ | જામનગર | ૧ | ૦ | ૨ | ૦ | ૩ |
| ૧૬ | જુનાગઢ | ૧ | ૦ | ૪ | ૦ | ૫ |
| ૧૭ | ખેડા | ૧ | ૨ | ૪ | ૦ | ૭ |
| ૧૮ | કચ્છ | ૧ | ૧ | ૧ | ૨ | ૫ |
| ૧૯ | મહિસાગર | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૦ | મહેસાણા | ૨ | ૦ | ૫ | ૦ | ૭ |
| ૨૧ | મોરબી | ૧ | ૦ | ૨ | ૦ | ૩ |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૨ | નર્મદા | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૩ | નવસારી | ૦ | ૧ | ૩ | ૦ | ૪ |
| ૨૪ | પંચમહાલ | ૧ | ૧ | ૨ | ૦ | ૪ |
| ૨૫ | પાટણ | ૨ | ૧ | ૪ | ૦ | ૭ |
| ૨૬ | પોરબંદર | ૧ | ૦ | ૨ | ૦ | ૩ |
| ૨૭ | રાજકોટ | ૧ | ૧ | ૮ | ૦ | ૧૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૧ | ૧ | ૫ | ૦ | ૭ |
| ૨૯ | સુરત | ૨ | ૧ | ૯ | ૦ | ૧૨ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૨ | ૧ | ૪ |
| ૩૧ | તાપી | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૩૨ | વડોદરા | ૨ | ૦ | ૧૦ | ૧ | ૧૩ |
| ૩૩ | વલસાડ | ૧ | ૦ | ૫ | ૨ | ૬ |
| **કુલ** | | **૩૧** | **૨૩** | **૧૨૨** | **૧૭** | **૧૯૩** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી માનસિંહ ચૌહાણ, બાલાસિનોર)

- **ગુજરાત રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩ દરમિયાન બ્લડ સેન્ટર(બેંક) મારફતે કેટલુ બ્લડ એકત્રિત કરવામાં આવેલ હતુ ? સ્વૈચ્છિક રક્તદાનની ટકાવારી કેટલી છે ? WHO ની ગાઈડલાઈન પ્રમાણે એકત્રિત કરેલ બ્લડ પુરતુ છે?**

**જવાબ :-**

- **રાજ્યમાં વર્ષ ૨૦૨૩ માં જાન્યુઆરી થી ડિસેમ્બર સુધી થયેલ રક્તદાનની વિગત :-**

| | | |
|---|---|---|
| સ્વૈચ્છિક રક્તદાન (યુનિટ) | ૮,૫૮,૯૪૦ | ૮૨.૦૩ % |
| અવેજી (રીપ્લેસમેન્ટ) રક્તદાન | ૧૮૮૧૪૫ | ૧૭.૯૭ % |
| **કુલ :-** | **૧૦,૪૭,૦૮૫** | **૧૦૦ %** |

- WHO ની ગાઈડલાઈન પ્રમાણે કુલ વસ્તીના ૧ % બ્લડ એકત્રિત થાય તે પુરતુ કહેવાય, તે પ્રમાણે ગુજરાત રાજ્યમાં વસ્તીની સામે ૧.૫ % બ્લડ એકત્રિત થાય છે.

## પેટા પ્રશ્ન : ૩ (શ્રી રાજેશકુમાર ઝાલા, કપડવંજ)

➢ **બ્લડ સેન્ટર(બેંક) શરૂ કરવાની શું પ્રક્રિયા છે ?**

**જવાબ :–**

- ➢ બ્લડ સેન્ટર(બેંક) શરૂ કરવા માટે NOC મેળવવા ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન (GSCBT) માં અરજી કરશે.
- ➢ કાઉન્સિલની કમિટી દ્વારા જરુરી ચકાસણી કરીને NOC આપવામાં આવે છે.
- ➢ સંસ્થા દ્વારા જરૂરી માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવે, જરૂરી સાધન સામ્રગીની ખરીદી કરવામાં આવે, જરૂરી સ્ટાફની ભરતી કરવામાં આવે ત્યારબાદ લાયસન્સ મેળવવા માટે FDCA (ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર)ને અરજી કરવાની થાય છે.

ત્યાર બાદ FDCA (ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર), ગુજરાત અને CDSCO (સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન, ભારત સરકાર દ્વારા સંયુકત નિરીક્ષણ કરીને લાયસન્સ આપવામાં આવે છે

મુખ્ય પેજ

# તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૭૫૫

# અગ્રતાક્રમ –3

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૧૩/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :– દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલ**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ દહેગામ**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલ

**15/4/755 બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ** (દહેગામ)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલનું બાંધકામ ક્યા તબક્કે છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દેહગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ.૧,૯૬,૬૪,૫૫૪/– નો ખર્ચ થયેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) બાંધકામ મે–૨૦૨૪ સુધી પૂર્ણ કરવામાં આવશે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

## દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલ

**સદર કામની બાંધકામ માટેની વિગત:-**

| | |
|---|---|
| **વહીવટી મંજુરી :** | તા.૩૦/૧૧/૨૧ની વહીવટી મીટીંગમાં ૩.૯૦૦.૦૦ લાખ |
| **તાંત્રિક મંજુરી:-** | તા.૫/૩/૨૦૨૨૨ થી ૩.૯૫૬.૦૦ લાખ |
| **ટેન્ડર રકમ:-** | રૂ.૮,૨૩,૩૯,૬૪૭/- (૮.૬૯% નીચા) |
| **સમય મર્યાદા:-** | ૧૨ માસ (૦૨/૧૧/૨૦૨૨ થી ૦૨/૧૧/૨૦૨૩ સુધી) |
| **એજન્સી:-** | એચ.પી.રાજ્યગુરૂ રાજકોટ |
| **કન્સલ્ટન્ટ:-** | સ્થપતિ કન્સલ્ટન્ટ અમદાવાદ |
| **કેમ્પસ એરિયા:-** | ૪૪૦૦ ચો.મી |
| **બાંધકામ એરિયા:-** | ૪૨૯૨૦ ચો.મી |
| **માળની સંખ્યા:-** | ગ્રાઉન્ડ+૩ માળ |
| **કામની પ્રગતિ:-** | કામ પ્રગતિમાં છે. |

- સદર કામ નુ માળખુ ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપર ત્રણ માળનુ કુલ ૪૨૯૨ ચોરસ મીટર ના બાંધકામ વાળુ છે, **હાલના તબક્કે બાંધકામ બીજા માળના સ્લેબ લેવલે છે. જે એપ્રિલ-૨૦૨૪ સુધી પૂર્ણ કરવાનુ આયોજન છે.**

મુખ્ય પેજ

## સુવિધા અને લાભ:–

- **ગ્રાઉન્ડ ફ્લોર:**
  કેસ બારી, ઓ.પી.ડી. વિભાગ, તાત્કાલીક સારવાર વિભાગ, એક્ષ–રે વિભાગ, આર.એમ.ઓ રૂમ
- **પ્રથમ માળ:**
  એન.આઈ.સી,યુ., લેબર રૂમ, ગાયનેક વોર્ડ, ઓપરેશન રૂમ, ડ્રેસીગ રૂમ, આંખ ચેકપ રૂમ, ઓર્થોપેડિક રૂમ
- **બીજો માળ:**
  ફિમેલ વોર્ડ, સ્ત્રી આઈશોલેશન વોર્ડ, પુરૂષ આઈશોલેશન રૂમ
- **ત્રીજો માળ:**
  સેમી સ્પેશયલ રૂમ, વીઆઈપી રૂમ, ડાયાલીસીસ વિભાગ, પેથોલોજી લેબોરેટરી, કોલ્ડ સ્ટોર રૂમ, બ્લડ સ્ટોરેજ, બર્ન વોર્ડ, સી.એસ.એસ.ડી જેવી સુવિધા ઉપરાંત લિફ્ટ અને દરેક માળ ઉપર વેઈટીંગ એરિયા ટોઈલેટ અને રેમ્પ ની સુવિધા નો સમાવેશ કરવામાં આવેલ છે. જેનો લાભ દહેગામ તાલુકા અને શહેરની અંદાજીત ૨૦૧૪૦૦ વસ્તીને મળશે.

## કામના વિલંબના કારણો:–

- સદર કામના આર્કીટેક્ટ અને પ્લાનીંગ ડિઝાઈન માટે સ્થપતિ કન્સલ્ટન્ટ અમદાવાદને તા.૩૧/૦૮/૨૦૨૧ થી નિયુક્ત કરેલ છે. જેના સ્ટ્રક્ચરલ ડીઝાઈનના પ્રૂફ-ચેક માટે એલ.ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ અમદાવાદને કામગીરી સોંપેલ. ડ્રોઈંગ મળવામાં વિલંબ થયેલ છે.

મુખ્ય પેજ

## બાકી રહેલ કામગીરી:-

- ત્રીજા માળ અને ટેરેસની સ્લેબ, ચણતર, પ્લાસ્ટર, બારી-દરવાજા, પ્લમ્બીંગ, ફ્લોરીંગ, ફાયર સીસ્ટમ, મેડિકલ ગેસ પાઈપ લાઈનની કામગીરી બાકી છે.

## માણસા જીલ્લા કક્ષા હોસ્પિટલની ટુંકી નોંધ :-

- પથારીની સંખ્યા :- **૪૨૫**
- **બજેટ જોગવાઇ :-**

(માણસા તેમજ પાલીતાણા ની સંયુકત જોગવાઈ) થયેલ છે.

| વર્ષ | જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૩-૨૪ | ૧.૯૫ |
| ૨૦૨૪-૨૫ | ૧૩૦.૭૭ |
| **કુલ :-** | **૧૩૨.૭૨** |

- વહીવટી મંજુરી :- ૨૪૩.૭૭ કરોડ
- તાંત્રિક મંજુરી :- ૨૬૩.૪૭ કરોડ
- ડી.ટી.પી :- ૧૯૬.૦૩ કરોડ
- ટેન્ડર રકમ :- ૧૬૬.૬૩ કરોડ (૧૭.૬૪ % નીચુ)
- ઈજારદાર :-શ્રીજી કૃપા પ્રોજેક્ટ લિ.,
- કામની સમય મર્યાદા :-૨૪ માસ
- **ટેન્ડર સ્ટેટસ :-** હાલ નાણા વિભાગમાં મંજૂરી અર્થે છે.

મુખ્ય પેજ

| દહેગામ પેટા જીલ્લા હોસ્પિટલ મહેકમ(CHC મુજબનું મહેકમ) | | | |
|---|---|---|---|
| **વર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૬ | ૩ | ૩ |
| વર્ગ–૨ | ૪ | ૩ | ૧ |
| વર્ગ–૩ | ૧૩ | ૧૩ | ૦ |
| વર્ગ–૪ | ૧૦ | ૪ | ૬ |
| **કુલ :–** | **૩૩** | **૨૩** | **૧૦** |

| સંવર્ગ નું નામ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૦ | ૧ |
| FRU (ફસ્ટ રેફરલ યુનિટ) વર્ગ–૧ | ૫ | ૩ | ૨ |
| **ડેન્ટલ સર્જન** | **૧** | **૧** | **૦** |
| તબીબી અધિકારી વર્ગ.૨ | ૩ | ૨ | ૧ |
| લેબોરેટરી ટેકનીશીયન | ૧ | ૧ | ૦ |
| એકસ રે ટેકનીશીયન | ૧ | ૧ | ૦ |
| ફીજીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ |
| સ્ટાફનર્સ | ૮ | ૮ | ૦ |
| સીનીયર કલાર્ક | ૧ | ૧ | ૦ |
| ડ્રાઈવર | ૧ | ૧ | ૦ |
| વર્ગ–૪ | **૧૦** | **૪** | **૬** |
| **કુલ** | **૩૩** | **૨૩** | **૧૦** |

**નોંધ :– દહેગામ પેટા જીલ્લા હોસ્પિટલ માટેનું મહેકમ મંજુર થયેલ નથી. વર્ષ ૨૦૨૪–૨૫ માં વિચારણા હેઠળ છે. હાલ સી.એચ.સી. દહેગામ કાર્યરત છે.**

મુખ્ય પેજ

| માણસા પેટા જીલ્લાની હોસ્પિટલ, મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૧૮ | ૧૨ | ૬ |
| વર્ગ–૨ | ૧૩ | ૮ | ૫ |
| વર્ગ–૩ | ૭૮ | ૫૦ | ૨૮ |
| વર્ગ–૪ | ૫૨ | ૫૨ | ૦ |
| **કુલ** | **૧૬૧** | **૧૨૨** | **૩૯** |

| ગાંધીનગર જીલ્લા સામુહિક આરોગ્ય કેન્દ્રો, મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૧૫ | ૮ | ૭ |
| વર્ગ–૨ | ૩૦ | ૨૫ | ૫ |
| વર્ગ–૩ | ૧૪ | ૮ | ૬ |
| વર્ગ–૪ | ૧૦ | ૨ | ૮ |
| **કુલ** | **૬૯** | **૪૩** | **૨૬** |

| ગાંધીનગર જીલ્લા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| **વર્ગ–૨** | **૩૧** | **૩૦** | **૧** |
| **વર્ગ–૩** | **૧૦૪** | **૭૧** | **૩૩** |
| **વર્ગ–૪** | **૧૨૪** | **૮૧** | **૪૩** |
| **કુલ** | **૨૫૯** | **૧૮૨** | **૭૭** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

અગ્રતા ક્રમ : | ૩

પ્રશ્ન ક્રમાંક : | ૧૫/૪/૭૫૫

તા. ૧૩/૦૨/૨૦૨૪

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ, દહેગામ**

**પ્રશ્ન:– દહેગામ ખાતે ૫૦ પથારીની હોસ્પિટલ**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, દહેગામને ૫૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જીલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે સરકારશ્રી દ્વારા કયા વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે ? તથા અત્યાર સુધી વર્ષ–વાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે ? | શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ, દહેગામ |
| ૨ | દહેગામ ખાતેની પેટા જિલ્લા હોસ્પિટલના બાંધકામની કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે અને કેટલી કામગીરી બાકી છે ? તેની વિગતો આપશો. | શ્રી જયંતિભાઇ એસ. પટેલ, માણસા |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | **ગાંધીનગર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે?સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે ?** | **શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર** |

મુખ્ય પેજ

**અગ્રતા ક્રમાંક–૩**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૭૫૫**
**આરોગ્ય વિભાગ**
**તા. ૧૩/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન : ૧ (શ્રી બલરાજસિંહ ચૌહાણ, દહેગામ)

- **સામુહિક આરોગ્ય કેન્દ્ર, દહેગામને ૫૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જીલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે સરકારશ્રી દ્વારા કયા વર્ષમાં મંજુરી  આપવામાં આવેલ છે ? તથા અત્યાર સુધી વર્ષ–વાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે ?**

**જવાબ :–**

- સામુહિક આરોગ્ય કેન્દ્ર, દહેગામને  ૫૦ પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનાવવા માટે સરકારશ્રી દ્ધારા વર્ષ ૨૦૨૦–૨૧ માં મંજુરી આપવામાં આવેલ છે.
- અત્યાર સુધી ફાળવવામાં આવેલ રકમની માહિતી જોઇએ તો...

| ક્રમ | વર્ષ | મંજુર કરેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | રૂ. ૨૦૦.૦૦ લાખ |
| ૨ | ૨૦૨૨–૨૩ | રૂ. ૧૦૦.૦૦ લાખ |
| ૩ | ૨૦૨૩–૨૪ | રૂ. ૧૦૦.૦૦ લાખ |
| | **કુલ સરવાળો** | **રૂ. ૪૦૦.૦૦ લાખ** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી જયંતિભાઇ એસ. પટેલ, માણસા)

➢ **દહેગામ ખાતેની પેટા જિલ્લા હોસ્પિટલના બાંધકામની કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે અને કેટલી કામગીરી બાકી છે ? તેની વિગતો આપશો.**

**જવાબ :–**

| | |
|---|---|
| કેમ્પસ એરિયા:– | ૪૪૦૦ ચો.મી |
| બાંધકામ એરિયા:– | ૪૨૯૨ ચો.મી |
| માળની સંખ્યા:– | ગ્રાઉન્ડ+૩ માળ |

➢ સદર કામનુ માળખુ ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપર ત્રણ માળનુ કુલ ૪૨૯૨ ચોરસ મીટર ના બાંધકામ વાળુ છે, **હાલના તબક્કે બાંધકામ બીજા માળના સ્લેબ લેવલે છે. જે એપ્રિલ–૨૦૨૪ સુધી પૂર્ણ કરવાનુ આયોજન છે.**

**બાકી રહેલ કામગીરી:–**

➢ ત્રીજા માળ અને ટેરેસની સ્લેબ, ચણતર, પ્લાસ્ટર, બારી–દરવાજા, પ્લમ્બીંગ, ફ્લોરીંગ, ફાયર સીસ્ટમ, મેડિકલ ગેસ પાઈપ લાઈનની કામગીરી બાકી છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન : 3 (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર)

- **ગાંધીનગર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે ?**

**જવાબ :–**

**ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સુવિધા :–**

| તાલુકાનુ નામ | જીલ્લા હોસ્પિટલની સંખ્યા | પેટા જીલ્લા હોસ્પિટલની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|---|
| દહેગામ | – | – | ૨ | ૮ |
| ગાંધીનગર | ૧ – GMERS હોસ્પિટલ | – | ૩ | ૮ |
| કલોલ | – | – | ૩ | ૭ |
| માણસા | – | ૧ | ૧ | ૮ |
| **કુલ** | **૧** | **૧** | **૯** | **૩૧** |

- ગાંધીનગર ખાતે જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, ગાંધીનગર કાર્યરત છે. જેમાં બધી જ સુપર સ્પેશ્યાલીટી સગવડો આપવામાં આવે છે.

મુખ્ય પેજ

➢ ગાંધીનગર  જીલ્લા ખાતે ભારત સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ જોઈએ તોઃ

| સા.આ.કેન્દ્ર | | | પ્રા .આ.કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|
| **માપદંડ મુજબ** | **હયાત** | **વધ** | **માપદંડ મુજબ** | **હયાત** | **વધ** |
| ૮ | ૯ | ૧ | ૨૭ | ૩૧ | ૪ |

| ગાંધીનગર જિલ્લાના સા.આ.કેન્દ્રનું લિસ્ટ | | |
|---|---|---|
| **ક્રમ** | **તાલુકા** | **સા.આ.કેન્દ્ર** |
| ૧ | દહેગામ | દહેગામ |
| ૨ | | રખિયાલ |
| ૩ | ગાંધીનગર | અડાલજ |
| ૪ | | છાલા |
| ૫ | | સાદરા |
| ૬ | કલોલ | ડીંગુચા |
| ૭ | | કલોલ |
| ૮ | | નારદીપુર |
| ૯ | માણસા | ચરાડા |

મુખ્ય પેજ

# તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૭૫૩

# અગ્રતાક્રમ –૪

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૧૩/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :–** **પાલિતાણા ખાતે જીલ્લા કક્ષાની હોસ્પિટલ**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા , પાલીતાણા**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## પાલિતાણા ખાતે જીલ્લા કક્ષાની હોસ્પિટલ

**15/4/753 શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા** (પાલીતાણા)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ આ બાંધકામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રુપિયા ૯૭.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ.<br>હાલની સ્થિતિએ કૂલ રુપિયા ૨૩૨.૫૫ કરોડની પ્રોજેક્ટ કોસ્ટની મંજૂરી આપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

## ભાવનગર જીલ્લો આરોગ્ય સુવિધા

| | |
|---|---|
| ભાવનગર જીલ્લા મથકે | સર.ટી. હોસ્પિટલ (સુપર સ્પેશ્યાલિટી સગવડો સાથે) |
| પેટા જીલ્લા હોસ્પિટલ | ૨– પાલિતાણા, મહુવા |
| સી.એચ.સી. | ૧૩ (૧૦ તાલુકા) |
| પી.એચ.સી. | ૪૮ (૧૦ તાલુકા) |

## પાલિતાણા જીલ્લા કક્ષાની હોસ્પિટલ

- પથારીની સંખ્યા :– ૪૨૪
- **બજેટ જોગવાઇ :–**

  (માણસા તેમજ પાલીતાણા ની સંયુકત જોગવાઈ) થયેલ છે.

| વર્ષ | જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૩–૨૪ | ૧.૯૫ |
| ૨૦૨૪–૨૫ | ૧૩૦.૭૭ |
| **કુલ** | **૧૩૨.૭૨** |

- વહીવટી મંજુરી :– ૨૩૨.૫૪ કરોડ
- તાંત્રિક મંજુરી :– ૨૩૨.૫૪ કરોડ
- ડી.ટી.પી :– ૧૯૪.૦૧ કરોડ
- ટેન્ડર રકમ :– ૧૬૨.૫૯ કરોડ (૧૬.૨૦ % નીચુ)
- ઈજારદાર :– પી.આર. પટેલ, ભાવનગર
- સમય મર્યાદા–૨૪ માસ
- ટેન્ડર સ્ટેટસ :– હાલ નાણા વિભાગમાં મંજૂરી અર્થે છે.

મુખ્ય પેજ

| પેટા જીલ્લાની હોસ્પિટલ, પાલીતાણા જીલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ થતાં મંજુર થયેલ મહેકમ | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૨૦ | ૬ | ૧૪ |
| વર્ગ–૨ | ૧૩ | ૧ | ૧૨ |
| વર્ગ–૩ | ૭૯ | ૪૩ | ૩૬ |
| વર્ગ–૪ | ૫૩ | ૫૩ | ૦ |
| **કુલ** | **૧૬૫** | **૧૦૩** | **૬૨** |

| સર.ટી.હોસ્પિટલ, ભાવનગર મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૦૨ | ૦૧ | ૦૧ |
| વર્ગ–૨ | ૬૩ | ૩૭ | ૨૬ |
| વર્ગ–૩ | ૭૮૮ | ૫૨૦ | ૨૬૮ |
| વર્ગ–૪ | ૧૭૮ | ૧૭૮ | ૦૦ |
| **કુલ :–** | **૧૦૩૧** | **૭૩૬** | **૨૯૫** |

## સરકારી મેડીકલ કોલેજ ભાવનગર ખાતે એકેડેમીક મહેકમની વિગત

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક | 22 | 12 | 10 |
| ૨ | સહ પાધ્યાપક | 61 | 36 | 25 |
| ૩ | મદદનીશ પ્રાધ્યાપક | 89 | 45 | 44 |
| **કુલ વર્ગ ૧** | | 172 | 93 | 79 |
| ૪ | ટ્યુટર | 35 | 12 | 23 |
| **કુલ વર્ગ ૨** | | 35 | 12 | 23 |
| **કુલ વર્ગ ૧ અને ૨ જગ્યા** | | 207 | 105 | 102 |

મુખ્ય પેજ

| પેટા જીલ્લાની હોસ્પિટલ, મહુવા મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૭ | ૫ | ૨ |
| વર્ગ–૨ | ૧૧ | ૯ | ૨ |
| વર્ગ–૩ | ૬૨ | ૩૬ | ૨૬ |
| વર્ગ–૪ | ૬૧ | ૬૧ | ૦ |
| **કુલ** | **૧૪૧** | **૧૧૧** | **૩૦** |

| ભાવનગર જીલ્લા સામુહિક આરોગ્ય કેન્દ્રો, મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૨૮ | ૧૬ | ૧૨ |
| વર્ગ–૨ | ૩૮ | ૨૨ | ૧૬ |
| વર્ગ––૩ | ૧૭૮ | ૧૬૪ | ૧૪ |
| વર્ગ–૪ | ૧૩૨ | ૧૨૧ | ૧૧ |
| **કુલ** | **૩૭૬** | **૩૨૩** | **૫૩** |

| ભાવનગર જીલ્લા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, મહેકમ સમરી | | | |
|---|---|---|---|
| **સંવર્ગ** | **મંજુર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ–૧ | ૦ | ૦ | ૦ |
| વર્ગ–૨ | ૪૮ | ૪૦ | ૦૮ |
| વર્ગ––૩ | ૧૫૧ | ૧૩૪ | ૧૭ |
| વર્ગ–૪ | ૧૯૨ | ૧૯૨ | ૦૦ |
| **કુલ** | **૩૯૧** | **૩૬૬** | **૨૫** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

અગ્રતા ક્રમ : ૪

પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૭૫૩

તા. ૧૩/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

માન.ધારાસભ્યશ્રી : શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા , પાલીતાણા

પ્રશ્ન:– પાલિતાણા ખાતે જીલ્લા કક્ષાની હોસ્પિટલ

પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સરકારી હોસ્પિટલ, પાલીતાણાને જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે વર્ગવાર કેટલુ મહેકમ મંજુર કરવામાં આવેલ છે ? | શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા , પાલીતાણા |
| ૨ | ભાવગનર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઇએ અને કેટલા ઉપલબ્ધ છે. | શ્રી ગૌતમભાઇ ચૌહાણ, તળાજા |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | ભાવનગર જીલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, અંદરના દર્દી , પ્રસુતિ,લેબ ટેસ્ટ, અને ઓપરેશન કરવામાં આવેલ છે ? પેટા જીલ્લાની હોસ્પિટલ, સરકારી હોસ્પિટલ, પાલીતાણા અને સરકારી હોસ્પિટલ, મહુવા ખાતે આરોગ્યની કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ છે. | શ્રી શિવાભાઇ ગોહિલ, મહુવા |

મુખ્ય પેજ

**અગ્રતા ક્રમાંક–૪**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૭૫૩**
**આરોગ્ય વિભાગ**
**તા. ૧૩/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન : ૧ (શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા , પાલીતાણા)

- **સરકારી હોસ્પિટલ, પાલીતાણાને જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે વર્ગવાર કેટલુ મહેકમ મંજુર કરવામાં આવેલ છે ?**

**જવાબ :–**

- સરકારશ્રીના તા.૧૧/૦૮/૨૦૨૩ ના ઠરાવથી વર્ગવાર મંજુર થયેલ ખૂટતા મહેકમની વિગતો જોઈએ તો :–

| સરકારી હોસ્પિટલ પાલિતાણાની મહેકમ માહિતી | | | |
|---|---|---|---|
| **વર્ગ** | **અગાઉ મંજુર થયેલ મહેકમ** | **વર્ષ ૨૦૨૩–૨૪માં મંજુર થયેલ વધારાનું મહેકમ** | **કુલ મંજુર મહેકમ** |
| વર્ગ–૧ | ૫ | ૧૫ | ૨૦ |
| વર્ગ–૨ | ૪ | ૯ | ૧૩ |
| વર્ગ–૩ | ૩૬ | ૪૩ | ૭૯ |
| વર્ગ–૪ | ૧૫ | ૩૮ | ૫૩ |
| **કુલ** | **૬૦** | **૧૦૫** | **૧૬૫** |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી ગૌતમભાઇ ચૌહાણ, તળાજા)

- **ભાવનગર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે ?**

**જવાબ :–**

- ભાવનગર જીલ્લા ખાતે **સર ટી હોસ્પિટલ, ભાવનગર** કાર્યરત છે. જેમાં બધી જ સુપર સ્પેશ્યાલીટી સગવડો આપવામાં આવે છે.
- આ ઉપરાંત **પાલીતાણા** અને **મહુવા** ખાતે પેટા જીલ્લા હોસ્પિટલ ઉપલબ્ધ છે.
- આ ઉપરાંત સા.આ.કે તથા પ્રા.આ.કે ની વિગતો જોઈએ તો :–

| સા.આ.કેન્દ્ર | | | પ્રા .આ.કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|
| માપદંડ મુજબ | હયાત | વધ | માપદંડ મુજબ | હયાત | વધ |
| ૧૩ | ૧૩ | ૦ | ૪૭ | ૪૮ | ૧ |

| તાલુકાનુ નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|
| ભાવનગર | ૨ | ૬ |
| ગારીયાધાર | ૧ | ૩ |
| ઘોઘા | ૧ | ૩ |
| જેસર | ૧ | ૨ |
| મહુવા | ૨ | ૧૦ |
| શિહોર | ૧ | ૫ |
| તળાજા | ૩ | ૯ |
| ઉમરાળા | ૧ | ૨ |
| વલ્લભીપુર | ૧ | ૩ |
| પાલીતાણા | ૦ | ૫ |
| **કુલ** | **૧૩** | **૪૮** |

મુખ્ય પેજ

| ભાવનગર જિલ્લાના સા.આ.કેન્દ્રનું લિસ્ટ | | |
|---|---|---|
| **ક્રમ** | **તાલુકા** | **સા.આ.કેન્દ્ર** |
| ૧ | ભાવનગર | કોલિયાક |
| ૨ | | વરતેજ |
| ૩ | ગારીયાધર | ગારીયાધર |
| ૪ | ઘોઘા | ઘોઘા |
| ૫ | જેસર | જેસર |
| ૬ | મહુવા | બગદાણા |
| ૭ | | મોટા ખુંટાવાડા |
| ૮ | શિહોર | શિહોર |
| ૯ | તળાજા | દાઠા |
| ૧૦ | | તળાજા |
| ૧૧ | | ઠળિયા |
| ૧૨ | ઉમરાલા | ઉમરાલા |
| ૧૩ | વલ્લભીપુર | વલ્લભીપુર |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન : ૩ (શ્રી શિવાભાઇ ગોહિલ, મહુવા)

➢ **ભાવનગર જીલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, અંદરના દર્દી , પ્રસુતિ, લેબ ટેસ્ટ, અને ઓપરેશન કરવામાં આવેલ છે ? પેટા જીલ્લાની હોસ્પિટલ, સરકારી હોસ્પિટલ, પાલીતાણા અને સરકારી હોસ્પિટલ, મહુવા ખાતે આરોગ્યની કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ છે.**

**જવાબ :-**

➢ ભાવનગર જીલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ-વર્ષમાં બહારના દર્દી, અંદરના દર્દી, પ્રસુતિ, લેબ ટેસ્ટ અને ઓપરેશનની માહિતી જોઈએ તો:-

| ૧-સર ટી હોસ્પિટલ, ભાવનગર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | બહારના દર્દી | અંદરના દર્દી | પ્રસુતિ | લેબ ટેસ્ટ | ઓપરેશન | |
| | | | | | | મેજર | માઈનોર |
| ૧ | ૨૦૨૧-૨૨ | ૩૪૭૨૪૨ | ૩૮૫૭૫ | ૩૭૫૧ | ૧૭૮૬૪૪૯ | ૧૮૫૯૯ | ૫૦૫૪૨ |
| | ૨૦૨૨-૨૩ | ૪૦૬૨૮૯ | ૩૮૨૮૫ | ૪૫૦૩ | ૧૩૯૦૬૪૬ | ૭૮૮૨ | ૨૨૬૭૫ |
| | ૨૦૨૩-૨૪ (ડીસેમ્બર સુધી) | ૩૦૨૯૫૫ | ૨૩૭૮૫ | ૩૦૫૧ | ૮૧૯૦૭૨ | ૬૧૭૯ | ૧૯૨૧૩ |
| | **કુલ** | **૧૦૫૬૪૮૬** | **૧૦૦૬૪૫** | **૧૧૩૦૫** | **૩૯૯૬૧૬૭** | **૩૨૬૬૦** | **૯૨૪૩૦** |
| **સરકારી હોસ્પિટલ, પાલીતાણા** | | | | | | | |
| ક્રમ | વર્ષ | બહારના | અંદરના | પ્રસુતિ | લેબ ટેસ્ટ | ઓપરેશન | |
| | | | | | | મેજર | માઈનોર |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૬૦૧૪૪ | ૧૩૨૮૯ | ૫૭૭ | ૮૯૨૧૯ | ૦ | ૩૨૪૭ |
| | ૨૦૨૨-૨૩ | ૮૩૭૫૬ | ૨૦૫૧૧ | ૭૫૩ | ૧૦૯૭૧૧ | ૨૭ | ૩૩૩૫ |
| | ૨૦૨૩-૨૪ (ડીસેમ્બર સુધી) | ૭૯૫૫૪ | ૧૯૯૫૦ | ૯૩૫ | ૧૦૫૩૨૬ | ૧૬૦ | ૨૪૮૫ |
| | | ૨૨૩૪૫૪ | ૫૩૭૫૦ | ૨૨૬૫ | ૩૦૪૨૫૬ | ૧૮૭ | ૯૦૬૭ |

મુખ્ય પેજ

| સરકારી હોસ્પિટલ, મહુવા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વર્ષ** | **બહારના** | **અંદરના** | **પ્રસુતિ** | **લેબ ટેસ્ટ** | **ઓપરેશન** | |
| | | | | | | **મેજર** | **માઈનોર** |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૧૨૨૦૮૦ | ૧૩૩૯૮ | ૧૦૨૪ | ૭૧૪૩૧ | ૩૮૬ | ૧૦૦૭ |
| | ૨૦૨૨–૨૩ | ૧૮૫૬૨૨ | ૯૮૫૭ | ૨૧૪૫ | ૧૨૮૧૨૮ | ૧૪૯૫ | ૧૦૩૬ |
| | ૨૦૨૩–૨૪ (ડીસેમ્બર સુધી) | ૧૪૦૨૦૨ | ૧૪૭૯૫ | ૧૭૪૭ | ૮૭૯૧૩ | ૮૪૮ | ૮૫૦૪ |
| **કુલ** | | ૪૪૭૯૦૪ | ૩૮૦૫૦ | ૪૯૧૬ | ૨૮૭૪૭૨ | ૨૭૨૯ | ૨૮૯૪૭ |

- **પેટા જીલ્લાની હોસ્પિટલ, પાલીતાણા ખાતે આરોગ્યની ઉપબલ્ધ સેવાઓ જોઇએ તો :-**
- ૧– ઓ.પી.ડી વિભાગ , ૨– ઈમરજન્સી વિભાગ, ૩. લેબર વિભાગ, ૪– સર્જીકલ વોર્ડ , ૫– મેડીકલ વિભાગ, ૬– લેબોરેટરી વિભાગ, ૭– પિડીયાટ્રીક/આઇસીયુ વિભાગ, ૮– માઇક્રોબાયોલોજી વિભાગ ૯. ફીજીયોથેરાપી વિભાગ,૧૦ ઓપરેશન થીએટર વિભાગ, ૧૧– ડી.આઇ.સી વિભાગ, ૧૨– ડાયાલીસીસ વિભાગ ૧૩,સી.એમ.ટીસી વિભાગ, ૧૪,આઇસોલેશન વિભાગ

- **પેટા જીલ્લાની હોસ્પિટલ, મહુવા ખાતે આરોગ્યની ઉપબલ્ધ સેવાઓ જોઇએ તો :–**

  ૧.જનરલ વોર્ડ, ૨.ગાયનેક વોર્ડ, ૩.પિડીયાટ્રીક વોર્ડ, ૪.લેબોરેટરી વિભાગ, ૫.એકસ– રે વિભાગ, ૬.સોનોગ્રાફી વિભાગ, ૭.એન્ટી રેબિક સેવાઓ ૮. ડેન્ટલ વિભાગ, ૯.એમ્બ્યુલન્સ સેવાઓ, ૧૦.ફાર્મસી વિભાગ, ૧૧.રસીકરણ વિભાગ ૧૨. ઓપરેશન થીએટર , ૧૩.સ્કીન વિભાગ, ૧૪.કેઝયુલટી વિભાગ

મુખ્ય પેજ

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૧૫૮

# અગ્રતાક્રમ –૭

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૧૩/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :– જામનગર અને દેવભુમિ દ્વારકા જીલ્લામાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર , જામ જોધપુર**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## જામનગર અને દેવભુમિ દ્વારકા જીલ્લામાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ

*૧૫/૪/૧૧૫૮: **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| | | | |
|---|---|---|---|
| **૧** | તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલો આવેલી છે, અને | **૧** | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોળને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા અનુમતિ મળેલ છે અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં (૧) સરકારી હોસ્પિટલ આવેલી છે |
| **૨** | ઉકત જિલ્લાઓમાં નવી સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલો બનાવવા માટે (૨) સરકારનું કોઈ આયોજન છે? | **૨** | જામનગર જિલ્લામાં નવી સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવાની બબત સરકાશ્રીની વિચારણા હેઠળ છે. |

[મુખ્ય પેજ]

# પુરક નોંધ

| જામનગર જીલ્લો | |
|---|---|
| તાલુકા | ૬ |
| ધ્રોળ | સી.એચ.સી. –૧ |
| જામ–જોધપુર | સી.એચ.સી. –૧ |
| જામનગર | જીલ્લા મથકે જી.જી. હોસ્પિટલ<br>સી.એચ.સી–૩<br>(ધુતારપુર, જાંબુડા, સિક્કા) |
| જોડીયા | સી.એચ.સી. –૧ |
| કાલાવાડ | સી.એચ.સી. –૧ |
| લાલપુર | સી.એચ.સી–૨ (ડબાસંગ, લાલપુર) |
| **કુલ :– ૬** | |

**નોંધ :– ધ્રોળ સી.એચ.સી.ને પેટા જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની અનુમતિ મળેલ છે અને જામ જોધપુર માટે વિચારણા હેઠળ છે.**

મુખ્ય પેજ

| દેવભુમિ દ્વારકા જીલ્લો | |
|---|---|
| તાલુકા | ૪ |
| ભાણવડ | સી.એચ.સી. –૧ |
| કલ્યાણપુર | સી.એચ.સી. –૨ (કલ્યાણપુર, રાવલ–જામરાવલ) |
